सत्यमेव जयते

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨/૦૮/૨૦૨૨

//<u>અધિસૂચના</u>//

<u>ક્રમાંક: **WCDD/DRA/e-file/23/2022/0642/B-1**</u>

જાહેરાત ક્રમાંક: ૫૯/૨૦૧૬-૧૭ અન્વયેની બાળ વિકાસ યોજના અધિકારી (મહિલા), સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨ની જગ્યા માટે આયોગ દ્વારા બનાવેલ પ્રતીક્ષાયાદીમાંથી ૦૨ (બે) ઉમેદવારોના નામની ભલામણ કરવામાં આવેલ છે, જે અન્વયે નીચે દર્શાવેલ કોષ્ટક અને શરતોને આધીન તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે વિગતવાર નિમણૂક આપવામાં આવે છે:

ક્રમ	ઉમેદવારનું નામ	કેટેગરી	અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારી તરીકેની નિમણૂકનું સ્થળ
૧	૨	૩	૪
૧	સુશ્રી નિલુબહેન ગોરધનભાઈ માછી	SEBC W-1	ઝાલોદ-૧, જિ.દાહોદ
૨	સુશ્રી કાજલ હર્ષદરાય જોષી	GENERAL W-1	પોરબંદર-૧, જિ.પોરબંદર

<u>શરતો:</u>

(૧) નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા એસ.સી.એ.૯૬૫/૨૦૧૯ (સુશ્રી કાજલબેન એચ. જોષી) અને એસ.સી.એ.૫૫૭૯/૨૦૨૧ (સુશ્રી નીલુબેન જી. માછી) ના કેસમાં તા.૧૧/૦૩/૨૦૨૨ના ચુંકાદાથી આપેલ આદેશ સ્વીકારવાનો નિર્ણય કરવામાં આવેલ છે:

a. Respondent No.1 and 2 are directed to take such appropriate steps to offer appointment to petitioner of SCA No.965 of 2019 and petitioner of SCA 5579 of 2021 to the post of CDPO (Female), Class-II

Jeey

b. That the appointments shall be on the posts directed to be kept vacant by the learned Coordinate Bench of this Court vide order dated 21.1.2019 in SCA No.965 of 2021 and vide order dated 15.2.2022 by this Court in these petitions.
c. The petitioners shall be placed in the seniority list of CDPO (Class-II) after candidate No.27 or the last candidate, as the case may be, appointed to the post of CDPO (Female), Class-II pursuant to the advertisement No.59/2016-17. The petitioners shall also be entitled to draw salary and other emoluments as available to the last candidate appointed pursuant to the advertisement No.59/2016-17.
d. It is clarified that while the salary being paid to the last candidate referred to herein above will be treated as a bench-mark for calculating the salary and other emoluments to the petitioners, but the petitioner shall not be entitled for any arrears.
e. It is further clarified that while the petitioners would be entitled to seniority from a date below the date on which the last candidate of selection pursuant to advertisement No.59/2016-17 had been appointed and whereas it is further clarified that in case of further promotion, whether experience is a criteria, then the petitioners shall be considered for such promotion only after completing the actual years of experience in the lower cadre.

(૨) જાહેરાત ક્રમાંક: ૫૯/૨૦૧૬-૧૭ થી નિમણૂક પામેલ છેલ્લા ઉમેદવાર સુશ્રી ઉન્નતી નટવરલાલ ચૌધરી (પ્રવરતા ક્રમાંક:૬૧૦)ની હાજર તારીખ ૦૪/૦૮/૨૦૧૮ થી શરતોના પેરા-૧માં નામ. હાઈકોર્ટે નિર્દેશ કરેલ તમામ લાભો આપવાના રહેશે.

(૩) કચેરી ખાતે હાજર થયાની તારીખથી અજમાયશી ધોરણે બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ તરીકે ફરજો બજાવવાની રહેશે. તેઓને કચેરી ખાતે હાજર થયાની તારીખથી રૂ. ૪૪૯૦૦-૧૪૨૪૦૦ (પે મેટ્રીક્સ લેવલ-૮) ના પગાર ધોરણમાં ન્યૂનત્તમ તબક્કે મળવાપાત્ર પગાર અને ભથ્થાઓનો ખર્ચ નિમણૂકવાળી જગ્યાની કચેરીની ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે અને મેળવવાનો રહેશે.

(૪) અધિસૂચનાની તારીખથી દિન-૧૫માં નિમણૂક જગ્યા ઉપર હાજર થવાનું રહેશે. નિયત સમય મર્યાદામાં હાજર નહીં થનારના હુકમો રદ થવાને પાત્ર બનશે. હાજર થયા તારીખને નોકરીમાં જોડાયા તારીખ ગણવામાં આવશે.

(૩) નિમણૂક વાળી જગ્યાએ હાજર થતાં પહેલાં આ અગાઉ સરકારી કે અર્ધસરકારી સેવા બજાવી હોય તો અગાઉની નોકરી છોડીને તેમને સેવામાંથી ફરજ મુકત/છુટા કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ રજુ કરવાનો રહેશે.

Jay

(૪) તેઓએ વિગતવાર નિયુકિતવાળી જગ્યા પર હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:સીડીઆર/૧૧૮૬/યુઓ/૨૨૪૪/ગ.૨ ઠરાવ્યા મુજબ સોગંદ લેવાના રહેશે.

(૫) તેઓની આ નિમણૂક સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨/૦૧/૭૦ના પરિપત્ર ક્રમાંક:પીએસી/૧૦૬૮/જીની જોગવાઇ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ તરફથી મેળવવાના રહેતા પ્રમાણપત્રો જેવા કે ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત અંગેના પ્રમાણપત્રમાં કશું વિરૂધ્ધ નહીં હોવાની શરતોને આધીન રહેશે. તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૦૯/૧૬ના પરિપત્ર ક્રમાંક:વીસીએ/૧૦૨૦૧૬૪૨૯૫૪૭/ગ.૨ તથા વખતો-વખતની અન્ય સૂચનાઓની જોગવાઇ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત અંગેના પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાના રહેશે. જેમાં કોઇ વિરૂધ્ધ બાબત ધ્યાને આવશે તો તેઓની આ અજમાયશી નિમણૂક કોઇપણ પ્રકારની નોટીસ વગર સમાપ્ત કરવામાં આવશે.

(૬) તેઓની આ નિમણૂક તેમના શારીરિક યોગ્યતા અંગેના સ્થાયી તબીબી તપાસ પંચનું તબીબી પ્રમાણપત્ર મેળવામાં આવનાર છે, તેને આધીન રહેશે. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧ મુજબ શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાનું રહેશે. નિયત સમયમાં શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજુ નહી કરે અથવા તબીબી તપાસમાં આ જગ્યાએ નિમણૂક માટે અનફીટ(Unfit) જાહેર થશે તો તે અજમાયશી સેવા સમાપ્ત કરવામાં આવશે.

(૭) આ ઉમેદવારોની અજમાયશી નિમણૂક તેઓએ ગુજરાત જાહેર સેવા આયોગને સદર જગ્યા માટે કરેલ અરજીપત્રકમાં જણાવેલ શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનામત તથા અન્ય વિગતોની ખરાઇ તેમના અસલ પ્રમાણપત્રોને આધારે કરવામાં આવેલ છે. તેમ છતાં તેઓએ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ હાજર થતી વખતે જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત અને અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/દિવ્યાંગ/માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં તે અંગેના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે અને તેની ચકાસણી અને ખાત્રી થયાની શરતને આધીન આ નિમણૂક રહેશે. જરૂર જણાયે સંબંધિત નિયંત્રણ અધિકારીએ આ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની જે તે યુનિવર્સિટી/સક્ષમ સત્તાધિકારી પાસે ચકાસણી કરાવી લેવાની રહેશે. ઉમેદવારે રજુ કરેલ પ્રમાણપત્રો સંપૂર્ણ હોવા અંગેના પ્રમાણપત્ર સાથે ઉમેદવાર હાજર થાય તેની તારીખ સાથેની વિગતો નિયત્રણ અધિકારીએ આ વિભાગને મોકલવાની રહેશે.

અજમાયશી અધિકારીના અરજી પત્રકમાંની ઉપલબ્ધ માહિતી અન્વયે સેવાપોથી તૈયાર કરી તેના પહેલા પાનાની પ્રમાણિત નકલ વિભાગને મોકલવાની રહેશે. જો તેઓ આ નિમણૂંક પામતા

Jey

પહેલા સરકારી નોકરી/અર્ધસરકારી સેવામાં હોય તો, તેમના કિસ્સામાં અરજી પત્રકો સાથે ચકાસણી કરી, તેમની અગાઉની સેવાપોથીના પ્રથમ પાનાની પ્રમાણિત નકલ વિભાગને મોકલી આપવાની રહેશે.

(૮) અજમાયશી નિમણૂકના સમય દરમિયાન નિયત થયેલ તાલીમ કાર્યક્રમ મુજબ તેમજ સરકારશ્રી વખતો વખત ઠરાવે તે મુજબની તાલીમ લેવાની રહેશે અને તેવી હેસીયતથી ફરજ બજાવવાની રહેશે. તેમણે પૂર્વ સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા નિયત કરેલ સમયમર્યાદામાં અને તકમાં ઉત્તિર્ણ કરવાની રહેશે. અજમાયશી/તાલીમની સમગ્ર મુદત દરમિયાન તેમને કોઇ ઇજાફો મળવાપાત્ર થશે નહીં. અજમાયશી મુદત સંતોષકારક રીતે પુરી થયે વિભાગ દ્વારા તેમને નિયમિત ધોરણે નિમણૂક અપાય ત્યાર બાદ જ સામાન્ય દરે ઇજાફો આપવામાં આવશે.

(૯) અજમાયશી અધિકારીની વિગતવાર તાલીમનું આયોજન થાય ત્યાં સુધી વહીવટનું પ્રાથમિક/સામાન્ય જ્ઞાન મળી રહે તે હેતુથી સક્ષમ સત્તાધિકારીશ્રીએ તેમની તાલીમ અંગેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. આ તાલીમ પૂર્ણ થયે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે નક્કી કરવામાં આવનાર તાલીમ કાર્યક્રમ મુજબ તાલીમ લેવાની રહેશે. તેવી જ રીતે ગુજરાત રાજય કોમ્પ્યુટર કૌશલ્ય અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઇ મુજબ અજમાયશી સમય દરમિયાન કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પ્લસની પરીક્ષા પણ પાસ કરવાની રહેશે.

(૧૦) અજમાયશી સમયગાળા દરમિયાનની ઉમેદવારોની સેવા સક્ષમ અધિકારીને સંતોષકારક ન જણાય તો, કોઇપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી આ ઉમેદવારોની નિમણૂક્નો અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમય દરમિયાનની સેવાઓ તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણની ગણાશે. જરૂર જણાયે અજમાયશી સમયની મુદત વધારવાના કિસ્સામાં અલગ હુકમો કરવામાં આવશે.

(૧૧) અજમાયશી સમયગાળા દરમિયાન નિયત થયેલો અભ્યાસક્રમ કે પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ ન હોય તો, તેવા કિસ્સામાં અજમાયશી સમયગાળાની મુદત વધારી આપવાની સરકાર વિચારણા કરશે. આવા અજમાયશી સમયગાળાની સમયમર્યાદાની મુદત વધારવાના કિસ્સામાં અલગ હુકમો કરવામાં આવશે.

(૧૨) અજમાયશી અધિકારીએ પોતાના અજમાયશી મુદત દરમિયાન બિન રાજયપત્રિત અધિકારી પૂર્વ સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ ની જોગવાઇઓ અનુસાર પૂર્વ સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાન્ત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૧૩) અજમાયશી સમયગાળા દરમિયાન આ સંવર્ગની નિયત થયેલ પૂર્વ સેવા તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદની પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ જ લાંબાગાળાના

ધોરણે નિયમિત નિમણૂક આપવા વિચારણા કરવામાં આવશે. નિયમિત નિમણૂક આપતા હુકમો થયેથી જ સેવાઓ નિયમિત થયેલી ગણાશે.

(૧૪) જો તેઓએ અગાઉ સરકારી નોકરી કરેલી હોય અને રાજય સરકારની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ જે નોકરીને ધ્યાનમાં લેતા અજમાયશી સમય ઘટાડવાને પાત્ર બનતો હોય તેવા કિસ્સામાં તેમણે ફરજ ઉપર હાજર થયાની તારીખથી એક માસમાં સક્ષમ સત્તા અધિકારી સમક્ષ રૂબરૂ જરૂરી આધાર પુરાવા સાથે લેખિત અરજી કરવાની રહેશે. સક્ષમ અધિકારીએ આવી અરજી આ વિભાગને વિના વિલંબે મોકલી આપવાની રહેશે.

(૧૫) અજમાયશી સમયગાળા દરમિયાન તેઓએ પ્રત્યક્ષ તાલીમ દરમિયાન કરેલ પ્રગતિ અંગેના વાર્ષિક મૂલ્યાંકન આહેવાલ (ઇવેલ્યુએશન રીપોર્ટ) તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીને રજુ કરવાના રહેશે. આ અહેવાલ સમય મર્યાદામાં રજુ કરવાની તેઓની અંગત જવાબદારી રહેશે.

(૧૬) સરકારશ્રીએ વખતો વખત નક્કી કરેલ હુકમો મુજબ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાઓની પરીક્ષાઓ આપવાની રહેશે અને પરીક્ષાઓમાં સફળ થવાનુ રહેશે.

(૧૭) આ નિમણૂક સમગ્ર રાજયમાં બદલીપાત્ર રહેશે. રાજય સરકારને જરૂર જણાય તે પ્રમાણે બદલી કરવામાં આવશે.

(૧૮) સરકારી સેવા માટે નિયત થયેલ સેવાની અન્ય શરતો (દા.ત. શિસ્ત, વર્તણૂક, પગાર ભથ્થા, પેશગીઓ વગેરે) સરકારે વખતોવખત નક્કી કરેલ નિયમો મુજબ વિનિયમિત થશે.

(૧૯) કોઇ યોજના/કામો કચેરી બંધ થવાના કારણે જગ્યાઓ રદ થાય તેવા સંજોગોમાં રાજય સરકાર જગ્યાના અભાવે સંબંધિત ઉમેદવારને ફાજલ/સરપ્લસ જાહેર કરે તો તેમની નોકરીનો અંત આવશે. તેમ છતાં ગુજરાત મુલ્કી સેવા નિયમો મુજબ મળવાપાત્ર લાભો આપીને સરકાર તેમને છૂટા કરી શકશે અને તેવા સંજોગોમાં ઉમેદવાર નોકરીમાં ચાલુ રાખવાનો દાવો કરી શકાશે.નહી.

(૨૦) જો તેઓ નોકરીમાંથી રાજીનામુ આપવા ઇચ્છે તો રાજીનામુ આપતાં પહેલા ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો,૨૦૦૨ના નિયમ-૩૩-એ ની જોગવાઇ મુજબ એક માસ પહેલાં સરકારને તેઓએ તેમના રાજીનામા બાબતની નોટીસ આપવાની રહેશે.

(૨૧) તેઓએ આ સાથે બિડેલ નમૂના મુજબનું જામીનખત અને જામીનમાં કરાર કરવાનો રહેશે. આ જામીનખત તેઓએ તથા તેમના બે જામીનોને સંયુકત અને અલગ રીતે એમ બંન્ને રીતે બંધનકર્તા

3ल्थ

રહેશે. તેઓએ પોતે રજુ કરેલા જામીનો રૂ.૫૦૦૦/- સુધીની રકમ માટે દાર અને હયાત છે તેવા સંબંધિત મામલતદારના પ્રમાણપત્ર સાથે વિભાગમાં હાજર થતી વખતે અથવા હાજર થયાની તારીખથી એક મહિનાની અંદર આપવાના રહેશે. જયાં સુધી આવું જામીનખત અને જામીન આપવામાં નહિ આવે ત્યાં સુધી ઉમેદવારને તેના પગાર અને ભથ્થા માટે અધિકૃત કરવામાં આવશે નહિ.

(૨૨) આ અજમાયશી અધિકારીઓએ વિગતવાર નિમણૂકના સ્થળે હાજર થતી વખતે શરત-૨૧ માં દર્શાવ્યા મુજબનો કરાર/જામીનખત કરવાનો રહેશે. જે કરાર પ્રમાણે (ક) નિયત થયેલો તાલીમ અભ્યાસક્રમ પુરો ન કરી શકે અથવા (ખ) નિયત થયેલી સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય તે રીતે અજમાયશી નિમણૂક અંગેના નિયમોની જોગવાઇ પૈકી કોઇ જોગવાઇ પુરી ન કરી શકે અથવા (ઘ) અજમાયશી મુદત સહિત મુળ નિમણૂકની તારીખથી ૩(ત્રણ) વર્ષની મુદત પુરી થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે તેઓને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકે તેમની નિમણૂક તાલીમ સહિત) દરમિયાન સરકારે ચુકવેલ પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનદારો સંયુકત અને વ્યકિતગત રીતે બંધાયેલા રહેશે અને પરત કરવામાં નહી આવેલી રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૨૩) અજમાયશી અધિકારીઓએ વિગતવાર ગુજરાત રાજય સેવા (વર્તણુક) નિયમો, ૧૯૭૧ના નિયમ-(૧૯) (ક)ની જોગવાઇ મુજબ સ્થાવર મિલકત અંગેનું પત્રક સંબંધિત નિયંત્રણ અધિકારી મારફત મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરને તાત્કાલિક મોકલવાનું રહેશે.

(૨૪) ઉપર દર્શાવેલ શરતો ઉપરાંત તેઓની આ અજમાયશી નિમણૂક હવે પછી સરકારાશ્રી દ્વારા વખતો વખત જે શરતો લાગુ કરાય, તે શરતો પણ તેઓને બંધનકર્તા રહેશે.

(૨૫) નિમણૂકનો આ હુકમ નામ.ગુજરાત હાઈકોર્ટના આ અંગે કોઈ કોર્ટકેસ હોય કે ભવિષ્યમાં કોઈપણ કોર્ટકેસ થાય તો તેના આદેશને આધીન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. આઈ. લેઉવા)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) સુશ્રી નિલુબહેન ગોરધનભાઈ માછી, સી-૪/૨, આનંદપાર્ક સોસાયટી, કલીકુંજની પાછળ, બાકરોલ રોડ, તા.જી.આણંદ. (By RAPD)

(૨) સુશ્રી કાજલ હર્ષદરાય જોષી, બ્લોક નં.૨૪૪, શેરી નં.૯, રાયજીનગર, જુનાગઢ. (By RAPD)

નકલ જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે રવાના:-

(૧) માન. રા.ક મંત્રીશ્રી (મ.બા.ક) ના અગંતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૨) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)

(૩) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, દાહોદ/પોરબંદર.

(૮) વિભાગીય નાયબ નિયામકશ્રી, રાજકોટ/અમદાવાદ/વડોદરા/સુરત.

(૮) જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, દાહોદ/પોરબંદર.

(૯) એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

(૧૦) મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ.

(૧૧) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, દાહોદ/પોરબંદર.

(૧૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.

(૧૩) નિવાસી લેખાધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૪) સીસ્ટમ મેનેજર,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર વેબસાઇટ ઉપર મુકવા સારૂં.

(૧૫) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ

(૧૬) શાખા સિલેકટ ફાઇલ.